उदेपूरना राणा राजसींहनां नाटकनां गायनो.

રચનાર.

જોશી. ભીખારામ શવજી કનૈયા શીહોરવાળા.
ભાવનગર.

છપાવી પ્રગટ કરનાર.

ઠક્કર. વ્રજલાલ વી૦ ત્રીભોવનદાસ. ભાયાણી.

આવૃત્તી પેહેલી.

દોહરો.

"શૂર ગડે સંગ્રામમાં, હોય શત્રુની ભીંહ;"
"રાડ નખાવે રણમહીં, રાજ તણો જે સીંહ."

અમદાવાદ.
પાનકોરને નાકે ધાંચીની પાડીમાં.
એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટીંગ પ્રેસમા
નથુભાઈ રતનચંદે છાપ્યાં.

સને ૧૮૮૯ સંવત ૧૯૪૫

કીંમત બે આના.

ગુર્જરપા...

વનરાજ ચાવડ઼

આ ખેલ કેટલીએક નાટક કંપની ભજવી બતાવવા-ને આતુર છે જેથી સુધારા વધારાથી ત્રણ અંકમાં હીંદુસ્થા-ની ભાસણ સહીત જુદા જુદા ગાયનોથી ભરપુર રચી થોડા દીવસમાં છપાવી પ્રગટ કરવામાં આવશે. જેની કી-મત અગાઉથી ગ્રાહક થનાર પાસેથી ચાર આના તથા પાછળથી આના છ લેવામાં આવશે. એકથી વધારે નકલ ખરીદ કરનારના મુબારક નામ ચોપડીની સાથે છપાવી પ્રગટ કરવામાં આવશે દશ નકલ ખરીદ કરનારને અગર ખપાવનારને એક પ્રત ભેટ આપવામાં આવશે જે સાહે-બોને ખરીદ કરવાની ઈચ્છા હોય તેણે નીચે સહી કરના-રને લખી જણાવવું, નાટપેટ પત્ર લેવામાં આવશે નહીં.

ઠક્કર. વ્રજલાલ. વિ. ત્રીભોવનદાસ ભાયાણી.

ભાવનગર ઠેકાણું નવી દાણા બજાર.

३९७४

उदेपूरना राणा राजसींहनां नाटकनां गायनो.

રચનાર.

જોશી. ભીખારામ શવજી કનૈયા શીહોરવાળા.

ભાવનગર.

છપાવી પ્રગટ કરનાર.

ઠક્કર. વ્રજલાલ વી० ત્રીભોવનદાસ. ભાયાણી.

આવૃત્તી પેહેલી.

દોહરો.

"શૂર ચડે સંગ્રામમાં, હોય શત્રુની બીહ;"
"રાડ નખાવે રણમહીં, રાજ તણો જે સીંહ"

અમદાવાદ.

પાનકોરને નાકે ધાંચીની વાડીમાં.

એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટીંગ પ્રેસમાં નથુભાઈ રતનચંદે છાપ્યાં.

સને ૧૮૮૯ સંવત ૧૯૪૫

કીંમત બે આના.

આ નાટક સને ૧૮૬૭ ના ૨૫ મા આક્ટ પ્રમાણે

રજીસ્ટર કરાવ્યું છે તેથી છપાવનારની પરવાનગી શીવાય

કોઈએ છાપવો છપાવવો અગર ભજવવો નહીં.

પ્રસિદ્ધ કર્તા.

ઠક્કર વ્રજલાલ ત્રીભોવનદાસ;

ભાયાણી.

3८७४

उदेपूरना राणा राजसींहना नाटकनां गायनो.

ઈશ્વર સ્તુતી મંગલાચરણ.

(સર્વ પાત્રો મળીને)

સોપાળી કલ્યાણ.

(શ્રી જગતપતી પ્રભુ આપ સન્મતી એ રાગ.)

કરૂં વીનતી વિનયથી, કર જોડીને અતી:
કૃપા ધના સ્વીકાર, વારવાર કહું કથી. ટેક.

અલ્પ વીનતી ઉર ધરજે તું, અશરણ શરણ દયાળ;
જગત કરણ ભય હરણ શરણુતવ, રહીએ સઘળાં બાળ. કરૂં.
દુ:ખ વીદારણ તારણ ભવધી, જગ કારણ જગરાય;
કામ ક્રોધ મદ મોહ નીવારણ, અકળીત તુજ મહીમાય. કરૂં.
જગ વ્યાપીક જગ સ્થાપીક તાતા, દાતા બુદ્ધિ અનૂપ;
અગમનિગમ ગતમત બહુ નામી, ખામી નહીં જગભૂપ. કરૂં.
કર કરણા કરૂણાળુ કૃપાબ્ધિ, કાપી પાપ અમાપ;
જય જગ સ્વામી અંતરજામી, અવીચળનામી આપ. કરૂં.
નાટચારંભે સ્તવન કરું છું, મુરકારંઢ મોરાર;
સરસ્વતીની કૃપા થકી સહુ, પાત્રો પામે પાર. કરૂં.
ઉમા ઉમેશ રમેશ રમા ઈછીત, વર આપો ઈશ;
માત અંબીકા આધ શક્તિને, ચરણ નમાવું શીશ. કરૂં.

अंक पेहेलो.

પ્રવેશ પેહેલો.

વીમળમતી— (દાસી પ્રત્યે સતીનું વર્ણન કરે છે.)

(જોડી તમે નવ જોઈ માડી એ રાગ.)

શ્રવણ કર સત્ય વાત મારી, (૨)
સતી તણો શ્રગાર બતાવું, નીશ્ચળ રહેનારી;
શીયળ રૂપ ઓઢે નીત સાડી; (૨)
કીર્તી રૂપી દીલ ધરે કંચવો, દીપાવવા દાડી.
પતીવ્રત વેણી શીર સાથે; (૨)
શોવે સ્વામી શીવ બરાબર, ખામી ન કોઈ વાતે.
અન્ય નર નજરે નવ ન્યાળે; (૨)
પરનર પરખન ત્યાગ કરે છે, ચળે ન કોઈ કાળે.
અલંકૃત અંગ ધરે આપે, (૨)
પ્રાણનાથને નીત્ય પ્રસન કરી, દીલ ખુશી રાખે.

કાંન્તા— (શ્રી જગતપતી એ. રાગ) કલ્યાણ,

સુંણ ખરી સતી, કહું યથા મતી;
પ્રાણનાથને પ્રભુ, ગણીને પૂજતી.
કુંતા સીતા મનોહરીને, અહલ્યા તારા જેહ;
સુલોચનાને સતી દ્રૌપતી, નીર્મળ જેનો નેહ. સુંણ.
નાથ તણી નવ આજ્ઞા લોપે, સદા અખંડ સૌભાગ;

એ સઘળીને આ ધરતીપર, અવર પુરૂષનો ત્યાગ. સુંણ.
સતી તણો નિજ ધર્મ સાચવી, અવીચળ રાખ્યાં નામ;
પતીવ્રતાનો ધર્મજ પાળ્યો, અબળા આઠે જામ. સુંણ.
શીશ જાય પણ સત્ય ન તજવું, એ અબળાનો ધર્મ:
શંકર સમ સ્વામીને શેવે, પ્રીયા કરીને પર્મ. સુંણ.

વીમળામતી—લેલાટમાં લખ્યું, તે આવીને ટકયું;

નહીં બરાબર શુદ્ધ સતી, પ્રગટ પારખ્યું. ટેક.
કુરૂએ તાણ્યાં ચીર દ્રૌપદી, કર્યો ન કાં સંઘાર;
કાં માર્યા નહીં કૈરવ સર્વે, વીષ્ણું જેની વાર. લેલાટ-
બળી ગયા વૈરાટ નગરમાં, કીચક હણ્યો ન કેમ;
ચમત્કાર સતીયે ન બતાવ્યો, રાખી દીલમાં રેહેમ. લેલાટ.
લંકેશ્વરને રામે માર્યો, જુદ્ધ કરીને જેમ;
મનોહરીના મનમાં કાંઈ, ઓછું નાવ્યું કેમ. લેલાટ.
જયમલ્લ કેરી જુવતી જાણો, શશીવદની સાક્ષાત;
લાડા પુત્રી કદી હઠી નહીં, ખરી સતીની જાત. લેલાટ.
બુંદીકોટા રાજ બતાવું, ચાંપરાજની નાર;
પહોચી દીલ્લી પાદશાહ શું, છોડાવ્યો ભરથાર. લેલાટ.
રાણીક દેવી રૂપ મનોહર, જુવો સતીની જાત;
પતીવ્રતાનો ધર્મ બજાવી, બળી નાથની સાથ. લેલાટ.

કાંન્તા **ગીતીવ્રત.**

છાપ સતીની છાપી, અભય પ્રભુએ અમર ખ્યાત આપી;
સખ્ત સતી મન માપી, અભય આણુ ફરે સદાય અધાપી.

સતીતું શ્રેષ્ટ શિરોમણી, શુદ્ધ ખાપ તું ક્ષત્રી શુરી વ્યાપી;
ગુણ ગાઉં શું જ્ઞાની, વીર છાપ તેં વપુવિશે છાપી.

વીમળદેવી— **ગઝલ.**

(અયે કાશગમ મેરા કભી જાયે ગાયા નહીં).
સાંભળો હે બેની મારી, એક ઈચ્છા ઉર;
પ્રાણનાથ પ્રીય મળે, નીતીનું જો નુર.
નીતી શાસ્ત્ર ધર્મપાળું, પ્રથ્વીમાં પ્રખ્યાત;
વીશ્વમાં ફરે વધાઈ, શુદ્ધ ક્ષત્રી જાત.

કાંન્તા—ક્ષત્રી બચ્ચો ખોળવો તે, ખરી ચતુરાઈ;
કુંદન પીળાશ અને, પીતળ છે જુદાઈ.
પુત્રી કેરાં લગ્ન યગ્ન, તે પીતાને હાથ;
ધાર્યું કેમ થાય તમારૂં, ખાસ ખરેખાત.

વીમળદેવી— **બનઝારો.**

કરે અઘટીત તો હું કોપું, નવ પીતાની આજ્ઞા લોપું;
જો પુછી પીતાજી કરશે, તો સ્થીર વાત તે ઠરશે.
ઈચ્છાવર આંગણ રોપું, નહીં પીતાની આજ્ઞા લોપું.
મન ધાર્યો સ્વામી મળશે, વળી તેહ જગો નીર વળશે,
આ શરીર સઘળું સોંપું, નવ પીતાની આજ્ઞા લોપું,
આચાર કરવું મન ધાર્યું, સહુ કહેશે કરીયું સારૂં,
એમ વરમાળા આરોપું, નવ પીતાની આજ્ઞા લોપું.

કાન્તા— **આઢ.**

જેથી ચીત આવે બેનરે, જોવું ગમતું જોડલું;
કહું સાંભળ મારી બેનરે, જોવું ગમતું જોડલું. ટેક.

ઈચ્છાવરની આશ તમારે, અંગ અતી ઉત્છાવ;
એ થકી થાશે સૂખ અતીશય, દીલની છો દરીયાવરે. જેવુ.
ઉત્તમ ઈચ્છાવર મળવાથી, કાર્યં સફળ કેહેવાય;
અણ ગમતાથી આ ભુમીપર, આબરૂ ઓછી થાયરે. જેવુ.
માટે મારી બેની તુજને, ગોતે નેષ્ટ જમાત્ર;
જે સાથે જન્મારો કાઢવો, શોધી લેવો સુપાત્ર રે. જેવું.
જોબન આંબા વૃક્ષ ઉપર તો, મધુરો ટહુકે મોર;
કોકીલ શબ્દો કાળજ કોરી, જામે જુગલ કિશોર રે. જેવું.

વીમળાદેવી—(પુરૂંધરી ભીલની દીકરી પત્ર આપે છે તેથા વાંચી કાંન્તા પ્રત્યે પુરંદરીને ઠપકો આપે છે)

(અરે લાલ દેવ એ રાગ.)

શાણી સખી ભીલ રજપૂત સમાન;
નથી સુંણ્યો કોઈ દીવસ મેં કાન;
કોણ રજપૂતને કોણજ ભીલ;
તેની મને માંડી કહો તપસીલ.

કાંન્તા— (ધીરજ દઈ વિમળાને શાંન્ત પાડે છે.)

રાગ ઉપનો.

તમે નવ ચમકો હે, મારી બેન,
સૌભાગ્ય સતી તમ ચીત ન ચેન,
જેવી જાત ભાત, તેવા હોય બોલ,
તમે તેને જોઈ કરો દીલ તોલ.
ખરૂં ક્ષત્રી બીજ નથી તે આ[illegible]

પુરો નથી વર્ણાશ્રમનો પ્રકાશ.
અહંકૃતિ અંગ ધરે છે અપાર;
લંપટખોરથી ન બનેજ લગાર.

બીજી બે દાસીયો—(હાડાજી શું કરો સાહસ આ એ રાગ)

ફીકર રાખો નહીં પ્યારી સખીહે, અજ્ઞાની જાત અજાણીરે;
તનયા તુચ્છ બુદ્ધિ છેજ અજાણી, જાત વીના તે ઝલાણીરે.
વિષ તરૂ માંહી નહીં અમૃત, કોણુ દાસી કોણુ રાણીરે.
ઉત્તમ અમ ઉપદેશ કરો પણ, મધુરી વદો છો વાણીરે

કેશર—(દિલ્લીપતી ઔરંગજેબની બેગમ રૂપનગઢ પોતાને
પીયર જવા રજા માગે છે.

રાગ ગોપીચંદનો.

ખાવીંદ હમારા, જાના મેરેકું જોધ્યાપૂરમેં..

ઔરંગજેબ—મેં નહીં જાને દેઉં, માશુક ઈશ્કોમેં મશહુર હું;
કેશર—દ્વાદશ વર્ષ મેં દેશ નીકાલા, દીલ સુંનો દરબાર;
માત તાતકું મીલના ચઈએ, હુકમ કરો સરકાર. ખાવી.
ઔરંગજેબ—નીકસ જાત મુજ જીયરા એસા, તેરી સુરતકા તાન;
પલ જાવે એક બર્સ સમાનાં, ઝુર મરૂં મેરી જાન, મેં.
કેશર—દો મહીના મેરેકું દે દો, રજામંદી દીલદાર;
એસા મેરા બચન નીંધામેં, લ્યાનાં શ્રી સરકાર. ખાવીંદ.
ઔરંગજેબ—મતકર એસી બાત મુઝેકું, ફીકર છોડદે દૂર,
નેન રેનમેં નીંદ ન આવે, જોબન હે ભરપૂર. મે.
કેશર—હોવે હુકમ કદી મૌલા કેરો, ખાવીંદ સુંનહો ખાસ;
મેં આઉં મીઝ[illegible]માં બાપુકું, પુરો હમારી આશ. ખાવીંદ

ઔરંગઝેબ—સતમ કીયા વો કબી બોલ મત, તુ મેરી ગુલઝાર
તેરા બીનમેં અંધ અરીસા, ઝુરી મરૂં દીલદાર.
કેશર—ખુદા કસમમેં ખાકે ચલતી, સચ્ચ કહુ સીરદાર;
દો મહીને મેં દીલ્હી હો જાઉં, આન ખડી તૈયાર. ખાવી.

કોમારદેવી—(પોતાની પુત્રી કેશરબાને મળીને)

(જફાવો સીતમકું સજાવાર હું એ રાગ)

વહાલી એની સારા, આપો સમાચાર;
ઉમંગી હકીકત કહો આવાર.

વીદેશ ગયા થયા છે બહુ દીન,
પુત્રી સર્વ વાતમાં છો તું પ્રવીન.

દીલ્લી તણી હાલત, કહોને દેખાવ,
રૂડો રાજમેહેલ, ભલો હશે ભાવ.
ઉંચી બાદશાહી, ગોતી તારે બાપ,
સુખો દુઃખો સર્વ કહો શુદ્ધ ખાપ.
તારા વીણુ તલખું છું જળમાં મીન,
ખરે ખર દેખી, આશા આધીન.
બેટીને ગાય, દોરે ત્યાં જાય,
અબળાનો એક નથી ઉપાય.

કેશર—તુજે મત દીલમે ફીકર કર આપ;
ખુશીહું મેં ખુશનું, વખત દરીયાફ.
મેરે કુચ્છ બાતકી, નહીં ખામી;
ખુદા તાલા દોલત બહુ પામી.

કુટુંબ કબીલો અતી ઉમરાવ;
ગાફલ દીલમેં તું મત ગભરાવ.
મેરાપર પ્યાર અતી શાહકો;
ભરૂંસા બોત હે બાદશાહકો.

(જોડી તમે ના જોઈ માડી એ રાગ.)

બેણુ મીજે મીલને ક્યું નાવી; (૨)
વો કેસી દીલગીર અમાં મુજ, સોચ ભલો ભાવી.
બાર બરસોસેં અબ આઈ; (૨)
ગુસ્સા કૈસે ધરે ગુમાની, દુસ્મનકે આઈ.

કોમારદેવી— **ગીતી વ્રત.**

શંકરની શેવામાં અહરનીશ એ અતી ફરે હર્ષે;
ધર્મશાસ્ત્ર જેવામાં, કુશળ સર્વમાં પાવરધી ઠરશે.
નથી જુદાઈ તુજશું, એક બાપનાં છોરૂ સુખદાઈ.
હમણાં આવી મળશે, અદ્દભૂત વાતો કરશે તે આંઈ.

વીમળદેવી— (શંકરની સ્તુતી કરે છે) **ભેરવ**

(સુરપાળ તમે મુકી આવો. એ રાગ)

મહાદેવ અરજ એક મારી, ત્રીપુરારી તુષ્ટમાન થાઓ;
મહાદેવ અરજ એક મારી. ટેક
રૂંઢમાળાને ગલે મૃગછાલા, વામ બાહે બજરંગી બાલા,
ખોલી દીઓ અમ અંતર તાલા, અજન્માછો અવતારી.
ત્રીપુરારી તુષ્ટમાન થાઓ, મહાદેવ અરજ એક મારી. ૧
શેવક કેરાં સંકટ કાપો, અવીચળ પદવી અમને આપો,
ટાળો અમારા તનના તાપો, વીનતી લેજો સ્વીકારી.

ત્રીપુરારી તુષ્ટમાન થાઓ, મહાદેવ અરજ એક મારી, ૨

(કેશરબા પુજામાં ભંગ પાડી કહે છે કે પથ્થર પુજા છોડદે તેથી ક્રોધાતુર થઈને વીમળમતી.)

રાગ ક્ષત્રી કલંકનો.

નીચ ઘેર કર્યો તેં નીવાસ, રજપૂત બીજ રહ્યું નથીરે;
પંડ ચંદ્રને રાહુનો પ્રકાશ. રજપૂત બીજ તુંમાં નથીરે.

કોણ મીયાંને શીવ સ્વભાવ, રજપૂત૦
મુંડા શું જાણે મજીઠના ભાવ. રજપૂત૦
તારો ભ્રષ્ટ થયો અવતાર. રજપૂત૦
તેંતો તજ્યા વર્ણ અઢાર. રજપૂત૦
અમે હીંદુને તું મુસલમાન. રજપૂત૦
ભુલી હીંદુ ધરમનું ભાન. રજપૂત૦
તુંને દેખીને પ્રગટે છે દુ:ખ; રજપૂત૦
તેંતો લજવી ક્ષત્રીની કુંઃખ. રજપુત૦
તારાં પગલાં ન હોય આઠામ; રજપૂત૦
નીતી વીરૂદ્ધ થઈ તું નકામ. રજપૂત૦
કરે નીત્ય તું અભક્ષા ભક્ષ. રજપૂત૦
અસુર ગતી તારો પતી યક્ષ. રજપૂત૦
બની હરામી બેગમ જાત. રજપૂત૦
તેંતો લજવ્યાં માતને તાત, રજપૂત૦
દેખીતુંને સૂતક ચડે દીલ. રજપૂત૦
તુંને બોલાવ્યે નહીં હાંસીલ. રજપૂત૦
દીધી દીલ્લી મધ્યે તુંને જ્યાર. રજપૂત૦

અફીણ ખાઈ મરવું તું તે વાર. રજપૂત૦
છટ છટ લજવી તેં પેઢી સાત, રજપૂત૦
ભુંડી પડાવી કુળપર ભાત. રજપૂત૦
પઢી કુલમા કર્યાં કાળો કેર. રજપૂત૦
જોતાં આવે અતી મને ઝેર. રજપૂત૦
પડી પેટ જનેતાને પહાણ. રજપૂત૦
જાત લજવી રાઠોડની જાણ, રજપૂત૦
હીંદવાણી મટી થઈ ખરાબ, રજપૂત૦
તુરકાણીનો તુંને ખેતાબ. રજપૂત૦

કેશર— રાગ ઉપરનો

હું તો ભ્રષ્ટ બની ગઈ હાલ, કદી ન છોડું કોઈ કાળેરે;
બાળી પંડાવું તારી ખાલ,
હું તો વટલી મુગલની સાથ. કદી૦
તુંને અપાવું તુરકીને હાથ;
તારા બોલ લાગે છે બાણ. કદી૦
તુંને દીક્ષી લેવરાવું લાહાણ.
નક્કી જાણજે તું નીરધાર. કદી૦
મુગલ સાથે વરાવું આવાર.
તુંને પઢાવે કાજી કુરાન. કદી૦
કુડાં વાક્ય સુણ્યાં આજે કાન.
તુંને ઝુકાવું જવનને સાંય. કદી૦

ખાણું ભેગી બેસીને ખાય.
મુસલમાન થુંકે મુખમાંય. કર્દા૦
પાછો કરવા નદીએ તને પાય.
કલમા પઢાવી કરૂં હુશીયાર. કર્દા૦
તુર્ક ગોતી કરૂં તૈયાર.
તુંને અથડાવું નીચ ભરથાર. કર્દા૦
જન્મો જન્મ સાલે તને માર.
તુંને પેહેરાવું શ્વેત સુરવાળ. કર્દા૦
નીર્ખી નીર્ખીને જો સંભાળ.

દાસીઓ— (અધબીચ મહોબત તોડી એ રાગ)
પઢો નહીં હે વહાલી બેનો, જ્ઞાન તણા ગુણ ગાઓ;
દીલ ધીર ધરો, (૨) તમે શાંન્ત સ્વભાવે થાઓ;
બન્ને બેનો, (૨) તેમાં અંતર નવ આણો:
ઉના પાણીથી ઘર નહીં બળશે, જરા વીચારી જાણો;
જો જાણે લોક. (૨) આ લડાઈ કેરી વાત;
રજપૂતોને ખોટ લાગશે, કરો ન એ ઉત્પાત,
એક આગ બનો, (૨) ને બીજી પાણી થાઓ;
એમ કર્યાથી ઓલાઇ જાશે, દીલ ડુંગરનો દાવ;
ઘૃત નવ હોમો, [૨] કદી બળતા કેરી માંએ.
ભડકો થઈ ભરપુર સળગશે, ચીંતા ચીત પ્રગટાએ;

(જાયછે.)

अंक बीजो.

સ્થળ—જસવંતસીંહનું અંતઃપુર.

વીમળાદેવી—(કેશર સાથે બનેલો હેવાલ માતુશ્રીને કહી આપેછે

રાગ ઉપરનો

માતા મારી સુણો વીનતી, કેશરબાનું વૃત્તાંત;
નાસ્તીક નારી, [૨] એ બની ગઈ ખરેખાંત. માતા.
પથ્થર પૂજા, [૨] તે છોડાવા તૈયાર,
કડવાં વચન મને કહ્યાં બહુ, શું કહું વારંવાર. માતા.
અલ્લાનું નામ, [૨] તે મને કરે ઉપદેશ;
મા બાપોને મેશ લગાડે, ધરા ધરે કેમ શેષ. માતા.
રજપુત બેટી, (૨) તે મટી તુરક થઈ કેમ;
ઓગાસે જેમ પતીયો આવી, હાથ ફેરવે જેમ. માતા.

કૌમારદેવી—તેં પછી કેશરને શું પ્રતિ ઉતર આપ્યો.
તેની હકીકત કહી સંભલાવ જોઈએ?

વીમળા— **(પીલુની ઠુમરી.)**

બુદ્ધિહીણુ બની બેન જ્યાંથી, તુર્કી અંન તેં ખાધુ ત્યાંથી;
કમબખ્તિની વાત વીચારી, હીંદુધર્મ ગઈ છો હારી. બુદ્ધિ
તુરકીના ઘરમાં વાસ કર્યો તેં, તુચ્છપણે ફરી મતી તારી, બુદ્ધિ
જવન મહીં જતાં આંખી પડી નહીં, ક્ષત્રીની માટી કરી તેં ખારી બુદ્ધિ
બોટ લગાડી ક્ષત્રીવટને, ઉપની કુળમાં તું ઇંગારી. બુદ્ધિ.

કૌમારદેવી—(તુંન કુમલા જીયરવા, ઓ પિતા મોરા એ રાહ.)

નુ કર ન ફીકર મન ધાર્યું; હે બેની મોરી. ટેક.
ખુટ ક્ષત્રીની તું છો બેટી, કેશરી બાળ અમારૂં. હે બેની૰
પ્રગટ થઈ તું કુળમાં દીપક, નીતીનું થાય નગારૂં. હે બેની૰
ઈશ્વરની ઈચ્છા કરે છે, કામ કુશળ કર તારૂં. હે બેની૰

વીમળા—(પોતાના પીતાને પોતાનો અભીપ્રાય કહે છે)

(અધબીચ મહોબત તોડી એ રાગ.)

પ્રીય પીતા સુણો, (૨) કહું સત્ય વદનથી વાત;
રજપૂત જાતી વીણ વરૂં નહીં, નીશ્ચે જાણો તાત.
કરો દૂધ પીતી, (૨) આ વખત ખરેખર આંય;
બેટી છઉં રાઠોડ તણી હું, જવન ઘેર ન જવાય,
ક્ષત્રી પાણી. (૨) રાઠોડ ન નામ લજાવું;
મહા પ્રલય કદી થાય મહીતળ, મનનું ગમતું થાવું.
બાળક હત્યા, (૨) થકી ડરતા હો જો તાત;
જવન ઘેર નથી જાવું મારે, વેદ બરાબર વાત.
કેશરબાને, (૨) તમે આપી મૂગલ ઘેર;
હીંદુ ધર્મ તણી હદ છોડી, કીધો કાળો કેર.
માથા સાટે, (૨) આ માલ જાણજો મારો;
અણ ગમતાને અળગો મૂકીશ, ખેલ કરીશ નહીં ખારો.
વીધીની રચના, (૨) આ વીશ્વ વીશે વિરબાળ;
મ્લેચ્છ નામ દઈ કાળ પડાવો, ખૂટયો ધર્મજ કાળ;
શંકર સમાધી, (૨) કદી છોડે નહીં કોઈ કાળ;
મુસલમાનની મારે માથે, નહીં બેસારૂં ગાળ.
આ વેદ વાક્ય, (૨) તે ગણી કરો સત્કાર;

ઈચ્છાવરની આશ અમને, થાશે જય જયકાર.

જશવંતસીંહ— રાગ દક્ષીણી લાવણી.

ગભરા પુત્રી કેમ, તું વીચાર ભાવ્યા રે;
ક્ષત્રી બાળ, તું દયાળ, દેવી ન્યાળ, દુઃખ ટાળ,
ને કહું છું આંણાં રે. ગભરા.

ઈચ્છા જેવી હોએ, ગોતી લેવો સ્વામી રે;
કરૂં લડાઈ, આવે આંઈ, ખોળી ખાઈ, નથી નવાઈ.
ક્ષંત્રી કેરા જાયા રે.

કોમારદેવી— ઈંદ્રસભામાં ગવાતી ગઝલ.

આપનો અતી ઉંચો, સુંણોને અભીપ્રાય:
જ્યાં દોરે ત્યાં જાય, બાળ બેટીઓને ગાય;
માંટી પરખે મામલે, મચે રણોની માંય,
મુગલ કેરાં માંસ ગોતી, સીંહ ખરો ખાય.
ક્ષત્રીનો ખરો કુમાર, ગોતવો સવાર;
રૂધીર થકી ઠીંકરીયો, ફાટશે અપાર.

જશવંતસીંહ—(મેને ક્યા જુલમ એ રાહ.)

ઉતાવળે તે કરવું શઈ, ધારી ધારી જોને ધારી.
સણી મહીં શૂરો ખરો, એની મારી, ચમત્કારી,
જલદી ઢીલ ન એની કરો, ફાવે કારી.

શીંહાનો કનરો.

બીમળા—મૂંઢ વીચાર ભુંડા શું કરો છો;
અઘટીત વાક્યો શું ઉચરો છો. ટેક.

જ્વાળ ઉઠી બહુ જાય બહાડે,
અવળું પગલું શાને ભરો છો. અષ્ટ.
અણુ ગમતી નથી જોડી જેવી,
દીલ વીશે તમે શીદને કરોછો. અષ્ટ.
ઈચ્છાવરની આશા મારે:
ધોખો તેનો શું મનમાં ધરો છો: અષ્ટ.

જશવંતસીંહ—(વીમળાની મરજીને તાબે થઈ ધીરજ આપેછે)

માલીની છંદ.

ઉજવળ કુળ ગોતી, ખેદ તું છોડ ખાલી.
ફિકર કર નહીં તું વીમળા મારિ વાલી;
શુરવિર ધિર સારો, જે અટંકી પ્રતાપી;
પુરૂષ ઉત્તમ એવો, ખોળી લેશું તથાપી.

કેશર -(ઔરંગજેબને તમામ હકીકત જાહેર કરે છે.)

ઈંદ્રસભામાં ગવાતી ગઝલ.

જલબલ મેં લાચાર હોકે, ખાખ બન ગઈ;
સુનો વો શાહ અબાદ, મેં. નીરાશ હો ગઈ,
જાત તુંમ જવનકી મેં, ભ્રષ્ટ અબ બની,
દુષ્ટ બચન વો સુનાયા, રૂપનગઢ ધની.
બીમલ બચન કહી કઠોર, બોલકે અભી,
ખુદાકા મેં ખાયા કસમ, છોડું નહીં કભી.

મેરી સાથ ઈશ્કબાજી, આપ ચહાતા શુર;
બામલાકું ઉઠાકે ઈદર, લ્યાના હે હજુર.

ઔરંગઝેબ—[અયેકાશ ગમ મેરા, કભી જાયે ગાયા નહીં.

ઉનકું મેં કભી ન છોડું, પ્યારી દીલો જાન;
સોચ ઉનકા છોડ દે અબ, સચ્ચ બાત માન.
દીલ ફીકર મત રખો પ્યારા, ઉનકા ક્યા તાકાત;
કલમા મે પઢાવું લાકે, જાન ખરેખાત.
ખુદા કેરો ખાસ હુકમ, છોડું નહીં કભી;
જમીન દોસ્ત જાકે કરૂં, રૂપનગઢ અભી.
માને નહીં તો કતલ કરકે, લેઉં છીનાવી રાજ;
ઉનકા કયા હું જોર ઉનકું, કેર મારૂં આજ;
છબરા નીકલ જાત મેરા, છોડ દે અફસોસ;
ઈશ્કબાજી મેં હુ રાજી, કરન તું બેહોશ.

(એમ કહી રૂપનગઢ એક મુગલને મોકલે છે.)

વીમળા— (દાસી પ્રત્યે અભીપ્રાય જણાવે છે.)

રાગ ક્ષત્રી કલંકનો

આ ફાની દુનીયા ફીટી જાય, મુગલોમાં મારે નથી જાવું રે;
મારૂં વચન ન મીથ્યા થાય, અખજ મારે નથી ખાવું રે.
તોપ ગોળે ઉડાડે તોય, મુગલોમાં મારે નથી જાવું રે.
કેમ ક્ષત્રીની આબરૂ ખોય, અખ્ખજ મારે નથી ખાવું રે.
જળને સ્થળ ભૂતળ ફરી જાય; મુગલો.

કદી પ્રલયકાર જો થાય, — અખજ.
તેનું નથી મારે જીવનનુ સુખ. — મુગલો.
કુળ ક્ષત્રીની લાજનું નહીં દુખ, — અખજ.
જ્યારે પીયાલા આપશે જોડ; — મુગલો.
ત્યારે પુરાશે મનના કોડ, — અખજ.
કોમળ કાયા કદી પડી જાય; — મુગલો.
પાપ તણો ભાર નહી માય — અખજ.

ચીમળમતી—(પોતાની માતુશ્રીના કહેવાનું અને મુગલોમાં જવાની ઉપરથી સારૂં લગાડવા ના પાડે છે અને પછી તુરત ઉદેપુરના રાણા રાજસીંહ ઉપર કાગળ લખે છે)

રાગ હોરી

બેટા નાથજી નીર ભરાણાં બીજાં નથી ક્યાંય ઠેકાણાં.
બેટા નાથજી નીર ભરાણાં, — ટેક.
ઉદેપુર અલૌકીક રચના, પીતા પ્રતાપ છે રાણા;
મુગલો માથે જુલમ ગુજારે, શ્રવણ કરો તમે શાણા.
સુણો સુરા કેરા ગવાણા. — બેટા.
મુગલ ઘરે મારે નથી જવાનું, નથી ગવરાવવાં ગાણાં;
આપ વિના બાઈ બાપ અવર છે, નથી જોતાં કંઈ નાણાં.
મનસુબા કરીને મુંઝાણા; — બેટા નાથજી.

સોરઠ (પીયુ મારા વચને પળજો એ રાગ.)

મહારાજ સુણો વાત મારીરે, ખરી ક્ષત્રીવટ છે તમારીરે.

મહારાજ સુણો વાત મારીરે. ટેક.
ઉદેપૂરના આપ અધીપતી, ચક્રવે રાજ દુવારીરે. મહા૦
સ્ત્રી હત્યા શિર પાપ ચડે નહીં, લાજશે જનુંની અમારીરે. મહા૦
વસંત પંચમી વીતી જાશે, ખેલ થશેજ ખુવારીરે. મહા૦

શીખરણી છંદ.

કડે કીધી પૃથ્વી, મુગલ દળ ડંકા દઈ રહ્યા;
ઘણા હીંદુ ત્રાસે, રજપૂત બિકેથી છુપી ગયા;
બુદ્ધિશાળી બાળા. જવન મુખ આગે જઈ ધરે,
ખુટયાં ક્ષત્રી પાણી, આખુટ લજવાણી સ્થિતિ અરે.

રાણા રાજસિંહ—(પત્ર આપે છે તે વાંચી લાલ ચોળ થઈ.)

રાગ ક્ષત્રી કલંકનો.

કેવો કર્યો ક્ષત્રી બચ્ચે ઉતપાત;
સષ્ટી મધે શું શુરા નથીરે; ટેક.
જોતાં લજાવે છે ક્ષત્રીની જાત. સષ્ટી૦
પ્યારી પુત્રીને કરેછે એ ચેન. સષ્ટી૦
ઘેરે કુંભકરણ ચડયું ઘેન; સષ્ટી૦
આ શું રંડાણી ક્ષત્રીની મામ. સષ્ટી૦
આવું શુંણી ઉભા થાય રોમ; સષ્ટી૦
તો તો શેષ સહે કેમ ભાર. સષ્ટી૦
તો તો વીષ્ણુનો થાય અવતાર; સષ્ટી૦
કપટી કુકર્મી કરશે અધર્મ. સષ્ટી૦
છોડાવે શું બળાત્કારે શર્મ; સષ્ટી૦

પડયા નથી પાસા ફરયા બાર. સૃષ્ટી૦
ઠામ ઠામ ખોળી મારૂં ઠાર; સૃષ્ટી૦
જાંબુદ્વીપ શું લગાડશે જાંખ; સૃષ્ટી૦
અંધા જનની ઉઘડાવું આંખ, સૃષ્ટી૦
બીક બીક જવન કેરી જાત; સૃષ્ટી૦
હીંદુ બેટી જાય તુરકને હાથ. સૃષ્ટી૦
ખરો હોઉ ક્ષત્રી બચ્ચો ખાસ. સૃષ્ટી૦
નકી કરૂં મુગલનો નાશ. સૃષ્ટી૦
પુરૂં હોય પાંડવ તણું કૂળ. સૃષ્ટી૦
કાહડું જવનનું હું જડા મૂળ. સૃષ્ટી૦
તાણું નહીં જે મુગલનું ટીમ; સૃષ્ટી૦
તો તો ભારથ લાજે ભીમ. સૃષ્ટી૦

વીરમતી— (વીરમતી રાજસીંહની માતુશ્રી શુરાતનનું દાસી પ્રત્યે વર્ણન કરે છે.)

માલીનીછંદ

ધીન રજપુત જાયા, પાગ પાછા ન કીધા;
જવન જરૂર ખોળી, લોહી પ્રખ્યાત પીધાં;
ધિક ધિક સુર તેને, દૂધ પીધું લજાવે;
શુરવિર ધિર ધારી, મામલો જૈ મચાવે;
પગ કદી ન હઠાવે, પ્રૌઢ માથે પ્રહારો;
અડગ કદી ડગે ના નીમેળો ધર્મ ન્યારો;
શુરવિર દળ માંહે, સાવજો જેમ ઠેકે;
કતલ કરિ રીપુને, બંડ ખોરો ન બેહેંકે.

સોપાળી કલ્યાણ

(શ્રી જગતપતી એ-ચાલ)

શુરવીરો મળ્યા, રણજીંતવા વળ્યા;
મામલો મચાવી, મોટા રણ વિશે ઢળ્યા. ટેક.
અરજુન ભીમને ભીષ્મ પીતાજી કીપાચાર ને દ્રોણ;
જુદ્ધ મંડાણું ભારથ જ્યારે, કહો રહ્યા ત્યાં કોણ. શુર.
રામ ચંદ્ર ને રાવણ જેવા, કીર્તી કારણ જાણ;
કુરૂક્ષેત્રમાં કરી લડાઈઓ, પ્રદીપ્ત છોડયાં પ્રાણ. શુર.
પૃથીરાજ ચહુઆણ થયા જે, કર્યો શાહનો છેદ;
કીર્તી કેરો કોટ ચણાવ્યો, અંગ ધરી ઉમેદ શુર.
ખપ્યા કાળના તે ખપ્પરમાં, નીશ્ચે કરી નીહાળ;
શુરવીરતાની છાપજ મારી, જીંત્યા જગ જંજાળ શુર.

રાજસીંહ— (પોતાની માતુશ્રીને વીમળાનો પત્ર વંચાવા રજા લે છે.)

રાગ ગોપીચંદનો

હે જનુંની મારી, કાગળ આવ્યો છે કાળા કોપનો;
વીરમતી—તે કહી સંભળાવો. શારે કારણથી આવ્યો ચોપનો?
રાજસિંહ—રૂપન ગઢ રાઠોડની પુત્રી, વીમળા જેનું નામ;
પીતા પુત્રીને દીએ પરાણે, મુગલ કેરે ધામ—હે.
વીરમતી—વીમળાની મરજી છે કેવી, કહી બતાવો કાન;
શું વિચાર એને દિલ ધારે, એનું કહો અનુમાન—તે.
રાજસિંહ—મને ઈચ્છાવર વરવા માટે, કાગળ લખ્યો એકાંત;

વસંત પંચમી વીતી જાશે, કરશે આત્મની ઘાત—હે

વીરમતી—એહ તણી કેમ ઢીલ કરેછે, કરો ઉતાવળ આજ;

દગા મુગલપર ત્રુટી પડોને, તેતરપર જેમ બાજ. તે.

રાજસિંહ—રાજ તણો હું સીંહ કેવાઊં, ચુકુ ન રણ સંગ્રામ;

ભક્ષ મળે તે કેમ ભુલી જઉં, હૈયામાં અતી હામ. હે.

વીરમતી—રાણા કુળની લાજ વધારે, કરજે એવાં કામ;

વિજય તણા ડંકા વજડાવી; ધરો હૈયામાં હામ. તે.

રાજસિંહ—શુરવીરપર જેમ ચાબુક મારી, ચમકી ઉંડે જ્વાળ;

મણીધર ફેણ પછાડી મારે, પડે ફુંફાડે ફાળ. હે.

વીરમતી—બોલ બોલેછે તેહ પાળજે, અંગ ધરી આરામ;

ક્ષત્રીવટને ખોટ ન બેસે, કરજો એવું કામ. તે..

રાજસિંહ— (કાલી ઘટા કોયલ જલકારી એ રાગ.

કરૂં નાશ તેગથી તેનો, અફસોસ કરો નહીં એનો; [બેવાર.]

કોણ સીંહ અને કોણ સાળી, ફોકટ ફેરો દઉં ટાળી,

આ રામ બાણ કદી નહીં ફરે, ધોખો જનુની તું કેમ ધરે;

દુશ્મનથી ક્ષત્રી કેમ ડરે, કરૂં નાશ તેગથી તેનો;

અફસોસ કરો નહીં એનો. ટેક.

अंक त्रीजो.

સ્થળ રૂપનગઢમાં વીમળાનો મેહેલ.

કાન્તા— (રાજસીંહનો પત્ર વીમળમતી વાંચે છે ને કાન્તા સાંભળેછે.)

રાગ સોરઠ.

(તેં તો ઘટમાં ઘર કીધું છે ગોવાળીયારે એ.)

નારી જીત તણું નીશાન, જરૂર ઝળકાવશું રે; ટેક.
સંગ્રામે શત્રુની સામે, લડવું ઔરંગજેબની સામે;
વેદ રૂપ આ વાકયો, પગ ન હઠાવશું રે. નારી॰
સર્વ લશ્કરો લઈને સાથે, ઘાત કર શત્રુની હાથે;
ભાલાને શમશેરનો મેઘ, વરશાવશુંરે. નારી.
કબંધ મોટા ફૂટી પાડે, ઘુમે મેઘની ઘટા અશાડે;
વાઘ ઉખેડીને અમૃત બીજક વાવશુંરે. નારી.

વીમળા—(ઔરંગજેબને કેશરબા જાન લઈ આવ્યાં તેની ખબર એક દાસી અમરશંગને કહે છે તેથી વીમળા દીલગીર થઈને)

ઝીંઝોટી ઠુમરી.

(તું ન કુમલાજીગરવા, ઓ પીતા મોરા, એ રાહ)

કેમ કરવું હે શાણી સખીયાં, હે બેની મોરી ટેક.
ઉદેપુરથી રાણો ન આવ્યા, લાલ થઈ રોઈ અંખીયાં;
હે બેની મોરી, કેમ કરવું હે શાણી સખીયાં.

દીન નહીં ચેન રેન નહીં નીંદ્રા; લેખ વીધાએ લખીયાં;
હે બેની મોરી, કેમ કરવુ હે શાણી સખીયાં.
આખડી છે મારે અવર પુરૂષની, ભુલી જીવ ભટકીયાં;
હે બેની મોરી, કેમ કરવું હે શાણી સખીયાં.

કાન્તા— દક્ષીણી લાવણી

હીંમત દીલ ધરો, શું મુંઝાણી પ્યારીરે, ટેક.
ક્ષત્રીબાળ, ઉદ્ધત જવાળ, ભ્રષ્ટ કાળ, કુળને ગાળ,
બેસશે નઠારીરે, હીંમત.
દેહ પડી જાય; ન બીજાની થનારીરે;
સીંહ ખીજેલ, ખલક ખેલ, રૂધીર રેલ, રણ ઉભેલ,
ચાલે નહી બારીરે; હીંમત.
દીલગીરી તજો, એવી વાત મારીરે,
ચુડેલ યક્ષ, શક્તી લક્ષ, કરત ભક્ષ, જો પ્રત્યક્ષ,
પીશાચ તૃપ્તી ધારીરે, હીંમત.

अंक चोथो.

વીમળા—(વસ્ત્રાલંકાર ધારણ કરે છે. ત્યાં દાશી રાજસીંહને પ્રવેશ કરાવે છે. વીમળા માનથી બેસારે છે.)

ઝીંઝોટી ગઝલ.

રાજસીંહ—(દુનીઆમાં દેખી નહીં પદ્મણી પ્રખ્યાત.)
ક્ષત્રીવટને ખોટ બેસે, સોચ નહીં કરે;
દુશ્મનોની ભીડ દેખી,, દીલમાં નહીં ડરે.

શત્રુનો શીકાર હું જો, આજ છોડાવું;
સંત તણા જરૂર જાણું, અશ્વ દોડાવું;
નથી મુઆ પડયા અમે, શીશોદીયાની જાત;
મારી ગારી રાત રાખું, નક્કી જાણો વાત;
માથે સાટે માન પ્યારી, શું કહું આવાર,
સાપન છછેડતાં કંઈ, નીકળે નહીં સાર;
માણી લેવા ઉમેદ ઘણી, આવ્યો છું અત્યાર:
સમશેરો તણા સપાટો, નથી જોયા કોઈ વાર.
શત્રુની રૂપી આ સમશેર ભૂખી લેશે ભાગ:
મુગલ રૂપી ભક્ષ તણા, સોંપવા સંયોગ.

પીલુની ઠુમરી.

(કહું શું નસીબે દુખીયો કીધો છે એ રાગ.)

મૃગનેણી તારે વચને વરૂંછું, અસલ ક્ષત્રિ હું લઈને ફરૂં છું
કોકીલ કંઠ તું કુમકુમ વરણી;
ધડ તુજ કારણ રણમાં ધરૂંછું. મૃગનેણી.
પ્રીયા રૂપી તું રત્ન પ્રફુલીત;
કુંજ ગુંજાર મધુપ કરૂંછું. મૃગનેણી.
સત્વર ચાલો ઢીલ કરો નહીં;
અઘોર રણ માંહી હું વીચરૂંછું. મૃગનેણી.

વીમળા—(પોતાની સખીને જતી વખત દીલગીર થઈને)

રાગ ગોપીચંદનો.

સુંણ કાન્તા શાણી, મારે જાવું છે ઉદેપૂરમાં; ટેક.
ઉદયપુરમાં આજ જવું છે, સ્વામીનાથની સાથ;

માફ કરો અપરાધ માહરો, કહી હશે કડવી વાત. સુંણુ
દુખ મહીં તે દીધો દીલાસો, હતો અંગ અફસોસ:
એ ઉપકાર ન ભુલું આજે, દીલ કરૂં બેહોંશ. સુણુ.
નવા જુનાની ખબર મોકલજે, કરીશ ન અંગ ઉચાટ.
અદભુત ઈશ્વર કેરી લીલા, લખ્યું હશે લેલાટ. સુંણુ.

કાંન્તા—(ચંદ્રમુખીને એકલી છોડીને હું આવ્યો અહીં.)
રંડા પતી મળ્યો અતી, સંતોષ તે થયો મળ્યો.
પ્રભુ કૃપા થકી પુરો, દુઃખાગ્ની દોષ તે ટળ્યો.
હજુરની સંગાત રહે, હમેશ ખુશીમાં રહી;
પુજન કરો પ્રતીદીને, ખુશી મહીં વસો જઈ.
પતીની સાથ તું વળે, આ મીન સુંનું ટળાવજો;
લગાર મારી વારથી, હવે તમે પથે પળો.

अंक पांचमो.

વીમળા —(એક પહાડની બાજુએ વૃક્ષની છાંયા તળે બેસીને વાત ચીત કરે છે.)

રાજસીંહ— શીખરણી છંદ.

પ્રીયા પ્યારી મારી, સુરત શશી શોભે નભ મહીં;
છટા તારી ભારી, ખલક મહીં કહીં ખામીજ નહીં;
કૃપાનાથે કાપ્યું, અમર દુઃખ અંગે દુર કર્યું;
રશીલી હાંશીલી, મદન મદ શોભા દીલ હર્યું;

ધીઆજી—(જોડી તમે ના જોઈ માડી એ રાગ)

તાપ આ તન કેરો લાગ્યો, (૨)
ભરજોબન વન કુંજર ખીલેલી, મધુકર સુખ માગ્યો;
સુખની છાંય ઢળી સારી;(૨)
મન ગમતા અમૃત રસ મેવા. સ્વાદ અતી ભારી.
સૂકી નહીં નાથ તમે માયા; (૨)
ભવસાગરમાં જોડ ભજાવી, અમર કરી કાયા.
લક્ષ્મી વર પાય તને લાગું; (૨)
અમર કરો આ જોડ અમારી. માફ અતી માગું.

રાજસિંહ—**રાગ સોરઠ** (ચાલો ડાકોરમાં જઈ વશીયે એ.)

તમે અંતર પ્રાણ અમારા, દીલોજાન મળી છો દારારે. તમે.
ચંદ્રવદન મુખ કમળ ખીલેલું, નાસીક શુક નીરધારારે. તમે.
અમૃત દ્રષ્ટી અંજન તારું, રંજન મનડાં મારાંરે. તમે.

કેશર—(અનંગપાળ ભીલ કેશરનું હરણ એક ગુફામાં કરેછે ત્યાં)
(સહીયર દુઃખ શું દાખવું એ.

મૌલા મેરા વો કીદર ગયા, એકીલી મેં અનાથ;
ભટક ફીરું મેં એ બાનમાં. સુનો દીલકી બાત; મૌલા.
કૈસા વૈરાન ગીરી ગુફા, કીસકી હોય પીછાન;
અરજ ઈલલ્લા ઉરે ધરો, મેરા નીસકત જાન. મૌલા.
મદદ કરો મેરી વો ખુદા, હાંસીલ કરવો મુરાદ;
મેને કબીંયા દીખા નહીં, લજ્યા રાખ અબાદ. મૌલા.

(આવા શબ્દ રાણાને કાને પડવાથી એકદમ સમશેર ખેં-
ચી આવે છે તેને જોઈ કેશર શરમીંદગી થઈને.)

કેશર—લાવણી (અધબીચ મહોબત તોડી.

વો રાજસીંહ (૨) મેરી માફ કરો તકસીર;
મેને બુરા વો ખેલ રચાયા, જુઠ કીની તદબીર.
મેરા કુમનસીબ (૨) વો ખુદાને બાન ભુલાયા;
સચ્ચ બાતકે મૈલા બેલી, જુઠા જુલી પાયા.
મેં દગલબાજ, (૨) કા ફંદ બેનારવર બાદે;
વો મેં અબ મંગતી હું માફી, હાંસીલ કરો મુરાદ
(રાજસીંહ ધીરજ આપી વીમળા પાસે લઈ જાય છે.)

બનઝારા.

રાજસીંહ—નવ ઉતુ રણ જો આજે,
તો જનુંની મારી લાજે, ટેક.
રજપુત બચ્ચો કેહેવાય, કદી પાછો ભરે ન પાગ;
વરસાદ વિશ્વમાં ગાજે. તો જનુંની૰
આદેહ કદી સંહારે, તે જરૂર નથીજ અમારે;
કરૂજંગ જોધ કરૂં પ્રાજે. તો જનુની૰

વીમળા—(કઠોર વચન કેશરને કહે છે પછી ઉલટ મારી)

ઇંદ્ર સભામાં ગવાતી ગઝલ.

વહાલી પ્રીયા તું બેન, કશો આણશો ન વેહેમ;
ઈશ્વરી ગતી અપાર, કહો મટે તે કેમ.
જળ જગોએ સ્થળ બને છે, મેડી ત્યાં મસીત;
વીપ્ર વેદ જ્યાં પઢે ત્યાં, કલમા પઢતા પ્રીત.
તેનો સોચ કરવો નહીં, દીલ કરો દરીયાફ;
આપ પગલું બુદ્ધિ હીણ, તે કરોને માફ.

તે તણો અફસોસ ત્યાગો, ખુશ રહો દીલમાંય;
ઈશ્વરી ગતી તણો ન, એક જડે ઉપાય.
જે તમારા મનની હામ, હોય તેવું થાય;
આશા પુરણ થાય, તેનો કરવો છે ઉપાય.

કેશર—(નમનતાઈથી) સહીયર દુઃખ શું દાખવું એમ ।
તેં કુળી ધર્મ તજ્યો નહીં, બોલાઓ હૈ ગેહેર:
મેરે કૃત્યમેં કયાશ નહીં. કીના કાલા કેર   તે૦
ઐસા તેરા અપરાધમેં. આજ મંગતી હું માફ;
કૈસા ક્ષત્રીકા બેટડા. કીયા દીલ દરીયાફ. તે૦

રાજસીંહ—   મનઝારો.

સુંદર મોતી સથવારો, હવે દીલ્લી જવાનું ધારો—ટેક
છે ઔરંગઝેબ અકતયથી, અહીં રાજ્યે થાય ખરાબી;
મોકલવા વીચાર મારો —   હવે દીલ્હી૦
ઓળખાતો આપું આણી; નવ હાલે પેટમાં પાણી;
એ મૂળ વીચારજ મારો-   હવે દીલ્હી૦
તમે પરદેશી છો પંખી; છે શાહ ઘણો દીલ દંખી
સુખ દુઃખનો આવે વારો—   હવે દીલ્હી૦
બહુ વીતી છે તમ માથે, જન આવે ન મારે હાથે.
બોલ જાત ભુંડું કરનારો—   હવે દીલ્હી૦
તમ લાજ લુંટવા આવ્યો. ફોકટ ફેરી નહીં ફાવ્યો.
જીં સર્પ તણો છે ભારો—   હવે દીલ્હી૦

ફેશર — (સરકાર રજા દીજીએ એ રાહ.)

શીરતાજ સુણો આજ, દીલ્લી જાના હે જરૂર;
મુજ ઈન્તજાર આપકા, મેં નેણ બાયું નુર.
ખાવીદ મેરા ખીજશે. વા મેં પીયાલું પાક;
મુખ સુરત કા ખ્યાલ કરે, પુર ચડાવે ચાક.
મેરી ઈચ્છા ચોડી હે. ખાવીદનો મળું;
કાબીલ કરો મુરાદ મેરી, હું બકું ટળુ
ઉમ ખાસ્તે મેરેકુ રજા, તુંમ દો અગનવર આજ
અલ્લા બના આબાદ રખે, વા મેરા ઈક્રાર.

દોહરો

પૂર્ણ થયું પુસ્તક લઘુ, જુગ જુગની ગાહ,
બાબન કહે કે બાતગી દીલ કરો દરગાહ

समाप्त.

અંતર્લાપિકા.

રાગ કલ્યાણ.

(સર્વે પાંચા.)

હરી અજબ ગતી, વંદુ મુજ પતી.
કર કૃપા દયાળુ છો, નમુ હું દિન અતી. ટેક.

રમા પતી તું લાજ રાખજે, દાસ નમે દીન શીશ;
વ્રજ વિહારી વાર કરો મુજ, સદા નમાવું શીશ. હરી.

જન હિતકારી પંથ સુગમને, ભાખે શાસ્ત્ર અનેક;
લાભ લાંબુ હરી તુજ હાથે, વચન ઉર ધર એક. હરી.

લતા વૃક્ષ વિહંગ મધુકર, નવ પલ્લવ છે અથાગ;
વિશ્વ પ્રફુલીત વ્યાપીક સર્વે, ગતી અનુપમ બાગ. હરી.

ત્રીકાળ તારા ગુણ ગાઉં હું, રહે અહોનીશ રહેમ;
ભોળા શંભુ ભક્તિ તારી, માંહ્ય રહું ધરી પ્રેમ. હરી.

જાહેર ખબર.

પૃથુરાજ રાઠોડ.

અતી ઉત્મ નાટકી વિશય અંક ત્રણમાં સમાવેશ. કરી નાટક ભજવનારને સુગમ પડે તેમ પડદાની ગોઠવણ કરી પ્રારંભથીજ રચવામાં આવ્યું છે હીંદુસ્થાની ભાશણને શરસ પંક્તીના નવીન ગાયનોનો શમાવેશ કરી થોડી મુદતમાં બહાર પડશે આ પુસ્તક એક ઊંચી પંક્તીનો વિષય એટલે રજપુત સ્ત્રી પોતાનું પતીવ્રત કેવી બાહાદુરીથી સાચવ્યું છે તેનો આબેહુબ ચીતાર આપવામાં આવ્યો છે તે વાંચેથી ખાત્રી થશે અગાઉથી ગ્રાહકથનાર પાસેથી કીમત ૭ આના તથા પાછળથી આઠ આના લેવામાં આવશે અગાઉથી ગ્રાહક થનારના મુબારક નામ ચોપડીની અંદર છાપી પ્રસીદ્ધ કરવામાં આવશે દશ પ્રત ખરીદનાર અગર ખપાવનારને એક પ્રત ભેટ આપવામાં આવશે જે સાહેબોને ખરીદ કરવાની મરજી હોય તેણે નીચે સહી કરનારને લખી જણાવવું નાટપેટ કાગળ લેવામાં આવશે નહીં.

સહી ઠક્કર વ્રજલાલ. વિ. ત્રીભોવનદાસ ભાયાણી.

ઠેકાણું નવી દાણા બજાર.

જાહેરખબર.

નીચે લખેલી બુકો મારી પાસેથી તથા મી-
સ્ત્રી પીતાબર વસ્તાની મીલના મેનેજર પુરસોતમ
મેઘજીભાઈ પાશેથી અને મારા પ્રીય મીત્ર વીઠ-
લદાસ કરશનદાસ પાશેથી રોકડી કીંમતે મળશે
શામટી લેનારને કીંમતથી પચાસટકા કમીશન મળશે.

ધર્મદર્પણ ૧૧ અંક પાંચ આના
પૃથ્વીરાજ ચહુવાણ નાટકનાં ગાયનો કીંમત બે આના
સોનગઢનું વર્ણન બે આના
વાંઢાવીલાપ ચાર આના
ભર્તહરી નાટકનાં ગાયનો બે આના
સીધરાજ જયસીંહનાં ગાયન બે આના
શ્રી કૃષ્ણ વીલાસ ગાયન બે આના
રાશલીલા નાટક એક આનો
રાણીકદેવી રાય ખેંગાર નાટકના ગાયન બે આના
લખુચંદ દીવાળીનું ફારસ એક આનો
વીજળી વીલાપ અને સુરતની આગનો આબે-
હુબ ચીતાર સવા આનો.
ભાવનગર શેહેરની રચના એક આનો
ઉદેપુરના રાણા રાજસીંહનાં ગાયનો બે આના

"સહી" } ભીખારામ શવજી કનૈયા. ભાવનગર
} ભુજલાલ વિ. ગીગાનંદાસ ભાયાણી
} [illegible] નવી દાણાબજાર.